અપીલ અરજી નં.૨૩૯ તા.૨૦–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી અશ્વિન જયંતિલાલ જરીવાલા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી અશ્વિન જયંતિલાલ જરીવાલાની તા.૧૨–૯–૦૮ ની અરજીથી અડાજણ સર્વે નં.૩૮૯ ટીપી ૧૨ ફા.પ્લોટ નં.૯૪ માં આવેલ ચૈતન્યરો–હાઉસ સોસાયટીના સને૧૯૯૯ માં મંજુર થયેલ પ્લાનમાં લે આઉટ અને બિલ્ડીંગ પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૦–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૯/૨૦૦૮–૦૯

શ્રી અશ્વિન જયંતિલાલ જરીવાલાની તા.૧૨–૯–૦૮ ની અરજીથી અડાજણ સર્વે નં.૩૮૯ ટી.પી ૧૨ ફા.પ્લોટ નં.૯૪ માં આવેલ ચૈતન્ય રો–હાઉસ સોસાયટીના સને૧૯૯૯ માં મંજુર થયેલ પ્લાનમાં લે આઉટ અને બિલ્ડીંગ પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર ન મળતાં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત પૂરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧૦ તા.૨૭–૧૧–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.પશ્ચિમ ઝોન રાંદેર/૧૫૭૪ તા.૪–૧૨–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને માંગ્યા મુજબની માહિતી પત્ર નં.પશ્ચિમ ઝોન રાંદેરઝોન/૧૫૭૪ તા.૪–૧૨–૦૮ થી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ છે અને તે સ્વીકાર્યા અંગેની સહી અત્રે રજુ કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૨–૯–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. જેની અરજદારે સ્વીકાર્યાની સહી રજુ કરેલ છે. આથી અરજદારને માંગ્યા મુજબની માહિતી મળી ગઈ હોય અત્રે કોઈ હુકમ કરવાનો રહેતો નથી."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અશ્વિન જયંતિલાલ જરીવાલા,